
મિસ્ટર લિંકન - ગજબ ના પ્રિન્સિપાલ

પેટ્રીસીયા




ROOM 7
GRADE

મિસ્ટર લિંકન - ગજબ ના પ્રિન્સિપાલ

પેટ્રીસીયા





મિસ્ટર લિંકન પૂરી દુનિયા માં સૌથી સારા પ્રિન્સિપાલ હતા, કમ-સે-કમ એના છાત્ર એવું વિચારતા હતા. એ સૌથી સારા કપડાં પહેરતા હતા, એનું સૌથી સરસ સ્મિત હતું અને એ શાનદાર કામ કરતા હતા. એ દરેક વસંત ઋતુ માં મિસિસ વેસ્ટ ના કિન્ડરગાર્ટન ક્લાસ સાથે ચ્હા પાર્ટી કરતા હતા. એ મિસ્ટર બ્લિસ ના છટ્ઠી ક્લાસ ના બાળકો ને નિસર્ગ માં ફરવા લઈ જતા હતા. એ ક્યારેક-ક્યારેક રાતે સ્કૂલ ની પાછળ ના તળાવ ની બાજુ માં એનું ટેલિસ્કોપ લગાડતા હતા અને બાળકો અને એના પરિવારો ને તારામંડળ નો આનંદ લેવા આમંત્રિત કરતા હતા.

અને શિયાળા માં, એ ક્રિસ્મસ ના નાટક માં સાન્ટાક્લોસ બનતા હતા, અને એ બાકી ધર્મો ના તહેવારો માં પણ ભાગ લેતા હતા.

મિસ્ટર લિંકન બિલકુલ સાદા અને ધીરગંભીર હતા!








યુજીન એસ્ટરહાઉસ ને છોડી ને બાકી બધા આવુંજ વિચારતા હતા. યુજીન ને બધા "મતલબી" ના નામ થી બોલાવતા હતા. યુજીન બધા શિક્ષકો ને હેરાન કરતો હતો અને ખેલ ના મેદાન માં બધા બાળકો સાથે મારપીટ કરતો હતો. એ બિલકુલ એક સ્કૂલ છાત્ર જેવો ન હતો. એણે મિસિસ ડંકલ ને અંગ્રેજી કક્ષા માં લગભગ પાગલ કરી દીધા હતા. કલા ની શિક્ષિકા મિસ ચૂ એને ક્લાસ માં થી હટાવવા ચાહતી હતી. યુજીન બહુ બદમાશ હતો. એ હંમેશા ગુસ્સા માં રહેતો હતો, બાળકો ને ગાળ આપતો હતો અને મોકો મળતા એમને મારતો હતો.

"યુજીન વાસ્તવ માં એક બૂરો છોકરો નથી," મિસ્ટર લિંકન કહેતા હતા. "એ પોતાના થી પરેશાન છે."

પણ આખી સ્કૂલ માં લગભગ બધા માટે, યુજીન એક મોટી પરેશાની બની ચુક્યો હતો. એ એક દાદો હતો.




પછી એક દિવસ એણે પહેલી કક્ષા ની એક બાલિકા પર ગુસ્સો કર્યો, "તું શું જોઇ રહી છે, બદમાશ?" યુજીને બૂમ પાડી. પછી એણે એ બાળકી ને નીચે પછાડી અને એની બેગ છીનવી લીધી.

"હું મિસ્ટર લિંકન ને તારી ફરિયાદ કરીશ," બાળકી એ કહ્યું.

"જા, શોખ થી જા. હું મિસ્ટર લિંકન થી બિલકુલ ડરતો નથી." પછી એ ચૂપ થઇ ગયો, કારણકે મિસ્ટર લિંકન ત્યાં જ ઉભા હતા. ત્યાં ઘંટ વાગ્યો અને યુજીન ભાગી ગયો.


હવે મિસ્ટર લિંકન, યુજીન વિષે વધારે ગંભીરતા થી વિચારવા લાગ્યા - એ યુજીન ના મન સુધી કેવી રીતે પહોંચે?





એક દિવસ મિસ્ટર લિંકન પાંચમા વર્ગ ને નવા એટ્રીઅમ માં એક વૃક્ષ લગાવવામાં મદદ કરી રહ્યા હતા. એણે જોયું કે યુજીન વૃક્ષ ની એક શાખા ને નિહારી રહ્યો હતો. એ ડાળ પર એક ચમકદાર લાલ કાર્ડિનલ પક્ષી બેઠું હતું. મિસ્ટર લિંકને યુજીન ને એટ્રીઅમ ની બારી માં ઉભી ને વૃક્ષો પરના પક્ષીઓ ને નિહારતા બીજી બે વાર જોયો.

મિસ્ટર લિંકને અચરજ કર્યું. શું એ સંભવ હતું...?




થોડા દિવસો પછી મિસ્ટર લિંકને યુજીન ને એની ઓફિસ માં બોલાવ્યો. યુજીન એક ખુરસી માં બેસી ગયો. મિસ્ટર લિંકને એના ટેબલ નું ખાનું ખોલી ને એમાંથી એક સુંદર પુસ્તક કાઢ્યું - એ ચમકદાર, રંગીન પુસ્તક, પક્ષીઓ વિષે હતું! એણે એક પાના તરફ ઈશારો કર્યો. "આ નાના પક્ષી મારા ઘર પાસે એક વૃક્ષ પર ઘણા બધા છે, પણ મને એના નામ ખબર નથી."

યુજીન એની ખુરસી પરથી ઉઠયો અને મિસ્ટર લિંકન ની નજીક ગયો. "એ રેડ-કેપ નટહેચર છે. વર્ષ ના આ સમયે એ ઘણીવાર દેખાતા નથી."

"એવું લાગે છે તું પક્ષીઓ વિષે ઘણું જાણે છે!" મિસ્ટર લિંકને સ્નેહભર્યા સ્મિત સાથે કહ્યું.

"હા, હું જાણું છું કારણકે હું ઘણા સમય સુધી મારા દાદાજી ના ફાર્મ પર રહ્યો હતો, અને ત્યાં ઘણા બધા પક્ષીઓ હતા - મરઘાં, થ્રેશર, ઘાસ ના પક્ષી. અમે ત્યાં કબૂતર પણ પાળ્યા હતા."

"તારા દાદાજી બહુ રોચક વ્યક્તિ લાગે છે," મિસ્ટર લિંકને કહ્યું. પણ પછી યુજીન, મિસ્ટર લિંકન ના રૂમ માં થી બહાર નીકળી ગયો.



એક અઠવાડિયા પછી જયારે યુજીન એક દિવસ એટ્રીઅમ પાસેથી નીકળ્યો તો મિસ્ટર લિંકન ને જોયા. એ ઉદાસ લાગતા હતા.

"શું તું મારી મદદ કરીશ?" મિસ્ટર લિંકને પૂછ્યું.

"શું!"

"પેલું એટ્રીઅમ પક્ષીઓ થી ભરેલું હોવું જોઈએ. પણ અહીં હમણાં કોઈ પક્ષીઓ આવતા જ નથી." પ્રિન્સીપાલે ખાલી એટ્રીઅમ ને જોયું.

"એટ્રીઅમ માં અનુચિત રોપા છે જે પક્ષીઓ ને આકર્ષિત નહીં કરે. હમણાં ત્યાં એમને માટે ઉચિત ભોજન નથી." પછી યુજીન દૂર જવા લાગ્યો.


"શું તારા દાદાજી એ તને આ બધું શીખવાડયું?"


યુજીને પાછા ફરીને મિસ્ટર લિંકન ને પહેલી વાર જોયા.

"કદાચ."

"શું તું એટ્રીઅમ માં પક્ષીઓ ને આકર્ષિત કરવામાં અમારી મદદ કરી શકે છે, યુજીન?" પછી મિસ્ટર લિંકને યુજીન ને પક્ષીઓવાળું પુસ્તક સોંપી દીધું. "જો, કદાચ આ પુસ્તક તારી કોઈ મદદ કરે."

યુજીન પહેલા તો સ્તબ્ધ થઇ ગયો. પછી એણે પક્ષીઓ નું એ સુંદર પુસ્તક હાથ માં લીધું, અને હોલ માં દોડી ગયો.





જેમ-જેમ દિવસો વીત્યા, એ પુસ્તકે ક્યારેય યુજીન નો સાથ ન છોડયો. અંગ્રેજી ના શિક્ષકે યુજીન ને કક્ષા માં એ પુસ્તક વાંચવાની રજા આપી. "હું એને વાંચતો જોઇને બહુ ખુશ થઈ," મિસિસ ડંકલે કહ્યું. અને જયારે એ પેલા પુસ્તક ને વાંચી રહ્યો ન હતો ત્યારે એ હંમેશા એટ્રીઅમ માં રહેતો! યુજીન અને મિસ્ટર લિંકને પક્ષીઓ ને આકર્ષિત કરવા માટે રોપા અને નાના ઝાડવા અને એમને ખવડાવવા માટે અનાજ અને ઉપયુક્ત બીજો ની સૂચિ બનાવી હતી.

એમણે પક્ષીઓ ના ચણ રાખવા માટે ત્રણ ફીડર પણ બનાવ્યા હતા.



એ પછી એટ્રીઅમ માં ધીરે-ધીરે પક્ષીઓ આવવા લાગ્યા! નટહેચ, બ્લુબર્ડ, અને ઘણા રંગોવાળી ફિન્ચ. એટલા અલગ-અલગ પ્રકાર ના પક્ષીઓ આવવા લાગ્યા કે સમગ્ર સ્કૂલ ના બાળકો સમય-સમય પર પક્ષીઓ ને નિહારવા અને એમની અજાયબીઓ જોવા ત્યાં ઉભા રહેતા હતા.

હવે ઘણા દિવસો થી યુજીન સાચેજ ખુશ લાગી રહ્યો હતો. એ હવે બીજા બાળકો ને ચીઢવતો પણ ન હતો.


પછી એક દિવસ મિસ યૂ, મિસ્ટર લિંકન ની ઓફિસ માં આવી. "એટ્રીઅમ માં બે બતક એમના માળા માં છે!"

મિસ્ટર લિંકન હોલ માં પહોંચ્યા, અને એણે એક નર અને એક માદા બતક ને ત્યાં જોયા. એનો માળો એટ્રીઅમ ના દક્ષિણ-પૂર્વી ખૂણા પાસે હતો. મિસ્ટર લિંકને યુજીન ને એટ્રીઅમ ની બીજી બાજુ જોયો, અને એને શાબાશી નો થમ્સ-અપ આપ્યો.

"હું આશા કરું છું કે બતકો ની એ જોડી ઇંડા મુકશે," યુજીને એક દિવસ કહ્યું. થોડા દિવસો પછી મિસ્ટર લિંકને માળા માં પાંચ ઇંડા જોયા. "બસ એક સમસ્યા છે. બતકો ને પાણી ની પાસે રહેવું જરૂરી છે. એને બહાર તળાવ માં જવું પડશે. કારણકે એના બચ્ચા એના માતા-પિતા ની જેમ ઉડી ને બહાર નહીં જઈ શકે."

"મને આશા છે યુજીન કે તું વિચારી ને એનો કોઈ ઉકેલ જરૂર શોધીશ," મિસ્ટર લિંકને કહ્યું. અને પછી એણે યુજીન ના ખભે હાથ મુક્યો.

હવે યુજીન કોઈ મતલબી છોકરો રહ્યો ન હતો.




ત્રણ દિવસ પછી હોલ માં હંગામો મચી ગયો હતો. મિસિસ બેલ્ડિંગ યુજીન સાથે મિસ્ટર લિંકન ના કાર્યાલય માં પહોંચી.

મિસ્ટર લિંકને યુજીન ને અવિશ્વાસ સાથે જોયો. "શું થયું," એણે પૂછ્યું.

"હું ઈચ્છું છું કે યુજીનજ તમને પૂરી વાત બતાવે," મિસિસ બેલ્ડિંગે કહ્યું.

પણ યુજીને એવું કંઇ ન કર્યું. એ દ્વેષપૂર્ણ અને ઉદ્ધત લાગી રહ્યો હતો.

"લંચ ની હરોળ માં પરેશાની શરુ થઈ," મિસેસ બેલ્ડિંગે કહ્યું. "યુજીને મેક્સિકો થી આવેલા બે છાત્રો ને "ભૂરી ચામડી ના દેડકા" કહીને બોલાવ્યા."



"હું આ મામલા ની તાપસ કરીશ," મિસ્ટર લિંકને ચુપચાપ કહ્યું.

મિસ્ટર લિંકન છોકરા ની પાસે બેસી ગયા.

"યુજીન, મારી ત્વચા પણ ભૂરી છે," યુજીને મિસ્ટર લિંકન તરફ જોયું.

"મને ખબર છે, યુજીન - કોઈ વ્યક્તિ જે પક્ષીઓ ને તારી જેમ પ્રેમ કરે છે, એ વ્યક્તિ ના દિલ માં ક્યારેય નફરત ન હોઈ શકે."

પછી યુજીન રડવા લાગ્યો. "જયારે હું તમારી મદદ કરીને મોડે થી ઘરે પહોંચ્યો તો મારા પિતા એકદમ પાગલ થઈ ગયા."

એણે ડુસકા ભરતા કહ્યું, "એમણે કહ્યું કે તું હવે અમારા જેવો નથી રહ્યો."



"અમારા જેવો," મિસ્ટર લિંકન બબડયા.

એ યુજીન ને એટ્રીઅમ ની બારી સુધી લઇ ગયા. ત્યાં નું વાતાવરણ પક્ષીઓ ના કલરવ થી જીવિત હતું. "મને ચકલી, કાર્ડિનલ, નટહેચ અને બતક દેખાય છે. શું એ બધા અલગ-અલગ પ્રકાર અને રંગ ના પક્ષીઓ, આ જગ્યા ને સુંદર બનાવતા નથી?"

યુજીને હામી ભરતા એનું માથું હલાવ્યું.

"ઠીક છે, ભગવાને જ એ બધાય ને બનાવ્યા છે! બધા પ્રકાર ના પક્ષીઓને! એણે આપણે બધા ને પણ અલગ-અલગ બનાવ્યા છે, યુજીન. સચ્ચાઇ એ છે, કે સ્કૂલ માં તારા જેવા બધા બાળકો - પોતાના તમામ મતભેદો અને અંતરો છતાં - મારા નાના પક્ષીઓ છો. હા, મારા નાના પક્ષી! અને તારા પિતાજી એ જે કંઇ કહ્યું, એમાં શું સાચું છે કે શું ખોટું, એનો જવાબ પણ આમાં છે," મિસ્ટર લિંકને કહ્યું.



"મારા પિતાજી તમને ખરાબ નામો થી બોલાવે છે, મિસ્ટર લિંકન. એમની પાસે સૌ કોઇ જે એમના થી અલગ છે એને માટે એક ગંદુ નામ છે."

મિસ્ટર લિંકને લાંબા સમય સુધી વાત ન કરી. "યુજીન, ક્યારેક-ક્યારેક લોકો પોતાની સોચ માં ફસાઈ જાય છે જેમ કે પેલા બતક એટ્રીઅમ માં ફસાઇ ગયા છે," મિસ્ટર લિંકને સમજી-વિચારી ને કહ્યું.

"પણ મારા દાદાજી એવા નહોતા."

મિસ્ટર લિંકને છોકરા ના ખભા પર હાથ મુક્યો. "હું તારા દાદાજી ને મળવા ચાહું છું. પણ યુજીન, તારે મને એક વચન આપવું પડશે. ચાહે ઘર માં ખરાબ વસ્તુઓ થતી હોય, પણ અહીં સ્કૂલ માં તું મારા બધા નાના પક્ષીઓ સાથે દયા અને સન્માન સાથે વ્યવહાર કરીશ. તું કોઇને પજવીશ નહીં અને ન તો કોઇને ભલું-બૂરું કહીશ! કૃપા કરીને મને આ વચન આપ."

યુજીને વચન આપ્યું.



જેમ-જેમ દિવાસો વીતતા ગયા, બતક નર-માદા એટ્રીઅમ ની બહાર નીકળી સ્કૂલ ની પાછળ તળાવ પર જવા લાગ્યા. એ એના બચ્ચા ને હવે લાંબા સમય સુધી એકલા છોડી ને જતા હતા. યુજીન અને મિસ્ટર લિંકન જાણતા હતા કે હવે સમય આવી રહ્યો હતો જયારે એમને બતકો ના બચ્ચા ને પણ એટ્રીઅમ ની બહાર કાઢી ને તળાવ સુધી લઈ જવા પડશે. એ માટે એમણે એક યોજના બનાવી.





જયારે એ દિવસ આવ્યો, તો બાળકો ને સૌ-સૌ ની કક્ષા માં રોકાવાનું કહેવામાં આવ્યું. પછી યુજીન અને મિસ્ટર લિંકને એટ્રીઅમ નો દરવાજો ખોલ્યો અને એની અંદર ગયા. એ બંનેએ બતક નર-માદા ની જેમ "ગિંગ ... ગિંગ" અવાજ કરવાનો અભ્યાસ કરી રાખ્યો હતો. પછી એમણે બતકો ના બચ્ચા સાથે વાતચીત કરી, અને એને ફોસલાવી ને પાછળ-પાછળ આવવા રાજી કર્યા.


નર બતક, એટ્રીઅમ ના દરવાજા સુધી ગયો અને એણે હોલ માં ડોકિયું કર્યું. હોલ ના છેડે નર બતક ને લૉન અને તળાવ બંને દેખાતા હતા.

"ગિંગ ... ગિંગ" યુજીને કહ્યું.




માદા બતક પહેલા બહાર આવી, પછી એક-એક કરીને એના બચ્ચા એની પાછળ-પાછળ આવ્યા. યુજીન હોલ ની નીચે ચાલ્યો ગયો. એ એને વારે-વારે બોલાવી રહ્યો હતો, અને બતક પરિવાર એની પાછળ-પાછળ આવી રહ્યો હતો.

પછી એકાએક નર-માદા એ આગેવાની લીધી, અને બતકો ના બચ્ચાએ એની પાછળ-પાછળ દોટ કાઢી. બહાર ના દરવાજા પાસે, બચ્ચા એક પળ માટે રોકાયા, પછી નર-માદા બતક દ્વાર માં થી બહાર કુધા અને બચ્ચાઓ ને ફોસલાવીને બહાર આવવા મનાવ્યા.



મિસ્ટર લિંકન અને યુજીને બતકો ને ટેકરી પરથી નીચે દોટ મુકતા જોયા. નર-માદા અને બચ્ચા એક સાથે તળાવ માં કૂદી પડયા.

"હવે મને ખબર પડી કે બતક ના બચ્ચા ને પાણી કેટલું પસંદ છે," મિસ્ટર લિંકને હસતા કહ્યું. એને વિશ્વાસ નહોતો થતો કે બતક ના બચ્ચા આટલું સરસ તરી શકશે.



સ્કૂલ ના બાળકો ના માતા-પિતા ટેકરી ની ટોચે ભેગા થયા હતા - એમને દૂર થી જોવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. પછી યુજીન ને એમની પાછળથી એનું નામ કોઈ બોલાવતું હોય એવો અવાજ સંભળાયો. "યુજીન! બેટા, અહીં!"

એ યુજીન ના દાદાજી હતા! યુજીન ટેકરી પર દોડી ગયો. મિસ્ટર લિંકન પણ ત્યાં ગયા.

"આ મારા દાદાજી છે!" યુજીને કહ્યું.

"મને ખબર છે," મિસ્ટર લિંકને કહ્યું.

યુજીન એની તરફ ફર્યો. શું મિસ્ટર લિંકન ને આ ચમત્કાર, એટલે એના દાદાજી નું ત્યાં હોવા સાથે કંઈ લેવા-દેવા હતા?

પછી દાદાજી એ મિસ્ટર લિંકન સાથે દિલ થી હાથ મિલાવ્યા.

"હું નિશ્ચિત રૂપે તમારી સાથે ફરી રહેવા ચાહીશ, દાદાજી," યુજીને કહ્યું. અને પછી યુજીન અને એના દાદાજી એક સાથે ટેકરી પર ચાલ્યા ગયા.


દાદાજી એ એના હાથ છોકરા ના ખભે મુક્યા. "આપણે જોઈશું, બેટા. આપણે જરૂર જોઈશું," એમણે કહ્યું.



પછી યુજીન અને મિસ્ટર લિંકન એક સાથે તળાવ ના કિનારે નીચે ઉતર્યા. યુજીન, મિસ્ટર લિંકન ને કંઈક કહેવા માંગતો હતો.

"તેં પેલા બતકો ને બહાર નો રસ્તો બતાવ્યો, યુજીન," મિસ્ટર લિંકને કહ્યું.

"પણ, તમે મને બહાર નીકળવાનો રસ્તો દેખાડયો, મિસ્ટર લિંકન." યુજીને સ્મિત કર્યું. પછી એ રોકાયો અને એણે એના પ્રિન્સિપાલ ની આંખો માં જોયું. "મિસ્ટર લિંકન, હું જરૂર કંઈક એવું કરીશ જેનાથી તમને મારા પર ગર્વ થશે. હું વચન આપું છું."



સમાપ્ત